**<u>રે. દિ. મુ. નં. ૩૫/૧૩ ના કામે આંક–૫ ની અરજી હેઠળ હુકમ ::–</u>**

(૧) આ કામે હાલના વાદીએ દાવા સાથે આંક–૫ ની સી.પી.સી. ઓર્ડર–૩૯ રુલ–૧–૨ તથા કલમ–૧૫૧ નીચે હંગામી મનાઈ હુકમ મળવા અરજી કરેલ. જે અરજી તળે કોર્ટે પ્રતિવાદીઓને શોકોઝ નોટીસ કરતાં પ્રતિવાદીઓએ આંક–૧૩ થી દાવા તથા હાલની અરજી સામે વાંધા જવાબ રજુ કરેલ.

(૨) આ કામે વાદીની દાવા હકીકત તથા આંક–૫ ની હાલની અરજી ટુંકમાં એવી છે કે, વાદીઓ સગા ભાઈ–બહેનો છે. વાદીઓ ગુ. મનસુખભાઈ દેવરાજભાઈ જેઠવાના સંતાનો છે. પ્રતિવાદી નં. ૧ વાદીઓના દાદા થાય છે અને પ્રતિવાદી નં. ૨ સગા કાકા થાય છે અને બાકીના પ્રતિવાદી નં. ૩ થી ૬ ના વાદીઓના દાદાના સગા ભાઈઓ થાય છે. એ રીતે તે બધા એક જ કુટુંબના છે.

(૨–૧) ઉના તાલુકાના ઉટવાળા ગામની સીમમાં ખાતા નં. ૧૧ થી રે. સ. નં. ૫૮/૨ હે. આરે ૦૦–૧૦–૧૨ ચો. મી. તથા રે. સ. નં. ૫૮/૬ હે. આરે ૦૦–૦૮–૦૯ તથા રે. સ. નં. ૬૯/૧પૈકી/૧ હે. આરે ૦૦–૮૦–૯૪ મળી કુલ જમીન હે. આરે ૦૦–૯૯–૧૫ ચો. મી. વાળી જમીનો ગુ. રામજીભાઈ જેઠવાના નામે ખાતે આવેલ છે. જેઓ ગુજરી જતાં તેના સીધી લીટીના વારસદારો પ્રતિવાદી નં. ૧ તથા ૩ થી ૬ ના નામે આવેલ છે. વાદીઓ પ્રતિવાદી નં. ૧ ના પુત્ર મનસુખભાઈના સંતાનો છે. એ રીતે પ્રતિવાદી નં. ૧ ના પૌત્રો તથા પૌત્રી છે અને દાવાવાળી જમીનમાં વાદીઓનો જન્મથી જ વારસાઈ દરજજે હકક પ્રાપ્ત કરેલ છે.

(૨–૨) પ્રતિવાદી નં. ૧ નાએ બદઈરાદાથી અને વાદીઓને હકક આપવો ન પડે તેવી ખરાબ દાનતથી તલાટી મંત્રીશ્રી ઉટવાળા ગ્રામ પંચાયતના રુબરુ પેઢીનું કબુલાતનામું તૈયાર કરેલ છે. જેમાં વાદીઓના નામો દર્શાવેલ નથી. તેમજ વાદીઓના ગુ. પિતા મનસુખભાઈનું નામ પણ વારસપુત્ર તરીકે દર્શાવેલ નથી. માત્ર પ્રતિવાદી નં. ૨ ના એક જ પુત્ર છે અને અન્ય કોઈ પુત્રો નથી તેવી ખોટી વિગતો રજુ કરી પેઢીનું કબુલાતનામું તૈયાર કરાવેલ છે. એ રીતે વાદીઓનું વારસ દરજજે નામ છુપાવી

વાદીઓનો વારસાઈ હકક હડપ કરી જવા ગેરકાયદેસરની રજુઆતો કરી તજવીજ કરી રહયા છે. દાવાવાળી જમીન સંયુકત નામે આવેલ છે અને બધાનો સંયુકત રીતે વાવી ઉપજ લે છે અને સંયુકત કબજો ધરાવે છે. પક્ષકારો હિન્દુ ધર્મના છે અને દાવાવાળી જમીન વારસાઈ ખેતીની જમીનો આવેલ છે. જેથી તેનામાં વાદીઓનો જન્મથી વારસાઈ હકક ઉત્પન્ન થયેલ છે. વાદીઓનો સાઉન્ડ અને મજબુત કેસ છે. જો વાદીઓને એક તરફી મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીઓ તેની જમીન ઓળવી જશે અને વાદીઓ જમીન વિહોણા થઈ જશે અને વાદીઓને ભુખે મરવાનો વારો આવશે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં છે. તેમ જણાવી હાલની વચગાળાની અરજી કરી એવી દાદ માંગેલ છે, પ્રતિવાદી નં. ૧, ૨ નાઓ દાવાવાળી જમીનોમાં વાદીઓનો માલિકી હકક આવેલ છે અને તે અન્ય કોઈને વેચાણથી કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરે નહીં તેવો હંગામી મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીઓ તરફથી આંક–૧૩ થી વાદીના દાવાનો તથા હાલની હંગામી મનાઈ હુકમની અરજી સામે વાંધા જવાબ રજુ કરેલ. જે ટુંકમાં જોઈએ તો દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો મહંદઅંશે ઈન્કાર કરી વધુમાં એવું જણાવેલ છે કે, વાદીની હાલની અરજી ખરી નથી. કાયદેસર નથી કે કાયદા મુજબ ચાલવાપાત્ર નથી. વાદીના દાવા તથા હાલની અરજીને સમર્ય મર્યાદાનો બાદ નડે છે. પ્રતિવાદી નં. ૧ ને મનસુખભાઈ નામનો કોઈ પુત્ર હતો જ નહીં કે તેઓના કોઈ પુત્રનું નામ મનસુખ છે પણ નહીં. પ્રતિવાદી નં. ૧ ને એક જ પુત્ર સંતાન પ્રતિવાદી નં. ૨ છે. દાવાની ખોટી આકારણી કરી અપુરતી કોર્ટ ફી રજુ કરેલ છે. વાદીનો દાવો મુદતમાં નથી. દાવાવાળી જમીનો પ્રતિવાદીઓ જ ખેડી વાવી ઉપજ મેળવતા હતા અને હાલ પણ ઉપજ મેળવે છે. તેમજ હાલ પણ પ્રતિવાદીઓના તાબે કબજે આવેલ છે. પ્રતિવાદી નં. ૧ ના લગ્ન કાશીબાઈ સાથે થયેલા અને તેઓના ઘર સંસતારની પ્રતિવાદી નં. ૨ એક માત્ર પુત્ર સંતાન થયેલ. આ સિવાય તેઓને અન્ય કોઈ પુત્ર કે પુત્રી વારસદાર નથી. પ્રતિવાદી નં. ૧ ની પત્ની કાશીબાઈનું અવસાન તા. ૮/૬/૮૯ ના રોજ થયેલ છે. વાદીઓ તેઓના પૌત્ર કે પૌત્રી થતા નથી કે વાદીના પિતાશ્રી પણ તેના પુત્ર સંતાન થી. તેમજ પ્રતિવાદીઓ વાદીઓને કે તેમના ગુજરનાર પિતાશ્રીને કયારેય પણ ઓળખતા પણ ન હતા. આમ

વાદીની આંક–૫ ની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | વાદી નં. ૧ ના જન્મના દાખલા ની નકલ | માર્ક–૪(૧) |
| ૨ | વાદી નં. ૧ ના જન્મના દાખલા ની નકલ | માર્ક–૪(૨) |
| ૩ | ગામ નમુના નં. ૮(અ) ની નકલ | માર્ક–૪(૩) |
| ૪ | ગામ નમુના નં. ૭ ની નકલ | માર્ક–૪(૪) |
| ૫ | ગામ નમુના નં. ૭ ની નકલ | માર્ક–૪(૫) |
| ૬ | ગામ નમુના નં. ૭ ની નકલ | માર્ક–૪(૬) |
| ૭ | ગામ નમુના નં. ૧૨ ની નકલ | માર્ક–૪(૭) |
| ૮ | ગામ નમુના નં. ૧૨ ની નકલ | માર્ક–૪(૮) |
| ૯ | ગામ નમુના નં. ૧૨ ની નકલ | માર્ક–૪(૯) |
| ૧૦ | મનસુખભાઈ દેવરાજ જેઠવાના મરણ પ્રમાણપત્રની નકલ | માર્ક–૪(૧૦) |
| ૧૧ | કેલાસબેન મનસુખભાઈ જેઠવાના મરણ પ્રમાણપત્રની નકલ | માર્ક–૪(૧૧) |
| ૧૨ | ગામ નમુના નં. ૨ ની નકલ | માર્ક–૪(૧૨) |
| ૧૩ | મકાન તથા જમીનના આકારણી પત્રક નં. ૮ ની નકલ | માર્ક–૪(૧૩) |
| ૧૪ | પેઢીનું કબુલતનામું | માર્ક–૪(૧૪) |

(૫) પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | રેશનકાર્ડની નકલ | માર્ક–૧૪(૧) |
| ૨ | ગામ નમુના નં. ૮(અ) ની નકલ | માર્ક–૧૪(૨) |
| ૩ | ગામ નમુના નં. ૭ ની નકલ | માર્ક–૧૪(૩) |

(૬) આ કામે વાદી તરફે આંક–૧૮ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. અને તેમાં પ્રતિવાદીના જવાબની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭) આ કામના વાદી તરફે તેના વિ. વ. શ્રીએ મૌખિક દલીલો તેમના દાવા મુજબ કરેલ છે તથા વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૧ ના પુત્ર મનસુખભાઈના

વારસો આ કામના વાદીઓ છે. આ કામના વાદીઓના માતા–પિતા એટલે કે મનસુખભાઈ દેવરાજભાઈ તથા કૈલાસબેન મનસુખભાઈ અવસાન પામેલ છે અને તેના મરણના પ્રમાણપત્રો રજુ કરેલ છે. તેઓના અવસાન પછી વાદી નં. ૨, ૩ ના તેના મામાને ત્યાં રોણાજ રહે છે. તથા વાદી નં. ૧ ના તેના સાસરે રહે છે. આ કામના પ્રતિવાદીઓએ વાદીઓને દાવાવાળી જમીનમાંથી હકક, હિસ્સો આપવો ન પડે તે માટે ખોટું રોજકામ કરાવેલ છે અને ખોટો જવાબ રજુ કરેલ છે. ખરેખર વાદીઓ પ્રતિવાદી નં. ૧ ના પૌત્રો તથા પૌત્રી છે અને વાદીના પિતા મનસુખભાઈ પ્રતિવાદી નં. ૧ ના પુત્ર હોવાની બાબત વાદીએ રજુ કરેલ માર્ક–૪/૧ તથા ૪/૨ ના વાદી નં. ૨, ૩ ના જન્મના પ્રમાણપત્ર પરથી જાહેર થાય છે. પ્રતિવાદીએ તેના જવાબમાં પ્રતિવાદી નં. ૧ ને પ્રતિવાદી નં. ૨ સિવાય કોઈ પુત્ર ન હોવાનું ખોટું જણાવેલ છે. તેણે આ જન્મના સ ર્ટીફીકેટ હોય તેવું જણાવેલ નથી. તથા વાદી શા માટે ખોટો દાવો લાવે તેવી પણ કોઈ બાબત જાહેર કરેલ નથી. આ સંજોગોમાં વાદી પ્રથમદર્શનીય રીતે પ્રતિવાદી નં. ૧ ના પૌત્ર, પૌત્રી હોવાનું સાબિત થાય છે ત્યારે જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનું હસ્તાતંર કરી નાંખે તેથી વાદીને ખુબ જ અગવડ અને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન થાય તેથી માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા રજુઆત કરેલ છે.

(૮) આ કામના પ્રતિવાદી તરફે તેના વિ. વ. શ્રીએ તેના વાંધા જવાબ મુજબ મૌખિક દલીલો કરેલ છે અને વાદીની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૯) આ કામે રજુ થયેલ પક્ષ નીવેદનો, અરજી, તેના જવાબ, દસ્તાવેજો, સોગંદનામાઓ, તથા બન્ને પક્ષકારોની રજુઆતો ધ્યાને લઈ હાલની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧ : શું વાદી માગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા હકકદાર છે ?

૨ : શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદા અંગેના આ કોર્ટના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

૧ : અંશતઃહકારમાં,

૨ : આખરી હુકમ મુજબ.

**<u>ઉપરોકત મુદ્દા નં. ૧ ના નિર્ણય અંગેના કારણો</u>**

**<u>–:: કા ર ણો ::–</u>**

(૧૧) આ કામે પક્ષકારો ધ્વારા રજુ કરવામાં આવેલ, અરજી, જવાબ, દસ્તાવેજો, તથા તેઓના વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતોને ધ્યાનમાં લીધી.

(૧૨) આ કામે હાલના વાદીઓએ એવો દાવો કરેલ છે કે, તેઓ પ્રતિવાદી નં. ૧ દેવરાજભાઈના પુત્ર મનસુખભાઈ જેઠવાના સંતાનો છે અને દાવાવાળી મિલકત તેઓની વડીલોપાર્જીત છે. આથી ગુ. મનસુખભાઈના વારસ તરીકે તેઓનો તેમાં હકક, હિસ્સો આવેલ છે. પરંતુ પ્રતિવાદી નં. ૧ નાએ બદઈરાદાથી ખોટું પેઢીનામું તૈયાર કરેલ છે અને તેમાં તેણે એક જ પુત્ર પ્રતિવાદી નં. ૨, રતિલાલભાઈ હોવાનું જણાવેલ છે એટલે કે તેઓએ વાદીઓનું વારસ દરજજે નામ છુપાવી તેનો વારસાઈ હકક હડપ કરવા તજવીજ કરેલ છે. આથી તેમ કરતા અટકાવવા તેઓ કોઈને દાવાવાળી જમીનમાં રહેલ હકક હસ્તાતંતર ન કરે તેવો અને દાવાવાળી જમીનનો કબજો અન્ય કોઈને ન સોંપે તેવો મનાઈ હુકમ મેળવવા દાવો કરેલ છે અને હાલની અરજી કરી પ્રતિવાદી નં. ૧, ૨ ના દાવાવાળી જમીનમાં રહેલ વાદીનો હકક કોઈને વેચાણ કે અન્ય રીતે ટ્રાન્સફર ન કરે તેવો હંગામી મનાઈહુકમ આપવા અરજ કરેલ છે. તેની સામે પ્રતિવાદીએ એવો જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદી નં. ૧ ને રતિલાલભાઈ એટલે કે પ્રતિવાદી નં. ૨ એક જ પુત્ર છે. વાદી જણાવે છે તેમ વાદીના પિતા મનસુખભાઈ તેના પુત્ર નથી અને વાદીએ ખોટો દાવો કરેલ છે.

(૧૩) આ કામે વાદીએ તેના દાવાના સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવો જોઈએ તો માર્ક–૪/૩ થી રજુ થયેલ ગામ નમુનો નં. ૮/અ ધ્યાને લેતાં દાવાવાળી

ત્રણેય સરવે નંબરની જમીનમાં રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં. ૧, ૩, ૪, ૫, ૬ તથા લક્ષ્મીબેન રામજીભાઈના નામ છે. એટલે કે વાદીના પિતાનું નામ નથી. જેની સામે વાદી તરફે તકરાર જોઈએ તો એવી છે કે, પ્રતિવાદી નં. ૧ તેના પિતાના પિતા એટલે કે દાદા થાય છે અને તેણે ફકત પ્રતિવાદી નં. ર ના તેના પુત્ર છે તેવું પેઢીનામું તૈયાર કરાવતા તેની માહીતી મળતા હાલનો દાવો કરેલ છે. આ કામે માર્ક–૪/૧૪ થી વાદીએ આ પેઢીનામાની નકલ રજુ કરેલ છે. જેમાં પણ પ્રતિવાદી નં. ૧ ને પુત્ર રતિલાલ દેવરાજભાઈ એક હોવાનું જણાવેલ છે. અને આ પેઢીનું કબુલાતનામું વાદી નં. ૧ નાએ મામલતદાર જુનાગઢને અરજી કરતાં તૈયાર કરેલ છે. પરંતુ વાદી તરફે રજુ થયેલ અન્ય દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં વાદીના પિતા મનસુખભાઈ દેવરાજભાઈ જેઠવા તથા માતા બંને વર્ષ–ર૦૦૭ માં અવસાન પામેલ હોવાનું જાહેર થાય છે. અને તેઓ સુરત રહેતા હોય તેવું તેમાં જણાવેલ સરનામા પરથી જણાય આવે છે. તથા વાદી તરફે રજુ થયેલ માર્ક–૪/૧ નું જન્મનું પ્રમાણપત્ર કે જે વાદી નં. ર નું છે. તેમાં તેના પિતાનું નામ મનસુખભાઈ દેવરાજભાઈ જેઠવા તથા માતાનું નામ કડવીબેન અને સરનામું મુકામ રોણાજ, તા. કોડીનાર જણાવેલ છે. તેમજ વાદી નં. ૩ નું જન્મનું પ્રમાણપત્ર માર્ક–૪/ર થી રજુ થયેલ છે. તેમાં તેના પિતાનું નામ મનસુખભાઈ દેવરાજભાઈ છે આ માર્ક–૪/૧ વાળા પ્રમાણપત્રમાં લખેલ નામ મનસુખભાઈ દેવરાજભાઈ જેઠવા અન્ય કોઈ વ્યકિત છે તેવો પ્રતિવાદીનો કોઈ બચાવ નથી. તેમજ વાદીએ ખોટો દાવો કયા કારણોસર કર્યો તેવું પણ પ્રતિવાદી દર્શાવી શકેલ નથી. તથા જયારે વાદીના પિતા તથા માતા સુરત અવસાન પામેલ છે અને તેઓ પૈકી વાદી નં. ૧ સાસરે છે અને વાદી નં. ર, ૩ ના સગીર તેના મામાને ત્યાં છે. આ સંજોગોમાં સ્વભાવિક રીતે અન્ય કોઈ પુરાવો તેની પાસે ન હોય પરંતુ આ બે માર્ક–૪/૧ તથા ૪/ર વાળા જન્મના પ્રમાણપત્ર રજુ થયેલા છે તે ખોટા છે તેવું પ્રતિવાદીનું કહેવું નથી. ત્યારે વાદીઓ પ્રતિવાદીના ઘરના સભ્યો હોવાનું હાલના તબકકે પ્રથમદર્શનીય જણાય છે. આ સંજોગોમાં જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે અને પ્રતિવાદી દાવાવાળી જમીન કોઈને હસ્તાંતર કરે કે તેમાં ફેરફાર કરે તો વાદીના દાવાનો કોઈ અર્થ ન કરે તથા વાદીને વધુ તકરારમાં ઉતરવું પડે અને આ કામના વાદી નં. ર તથા ૩ ના સગીરો છે ત્યારે તેનું પણ હિત જોખમાય અને વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તથા ખુબ જ અગવડ ઉભી થાય જેની સામે જો પ્રતિવાદીને આ દાવાવાળી

મિલકતનું હસ્તાંતર કરતાં અટકાવવામાં આવે તો કોઈ નુકશાન કે અગવડ થાય તેમ નથી. કારણ કે પ્રતિવાદીએ  પણ આ જમીન હસ્તાતંર કરવા માંગતા હોય તેવું જણાવેલ નથી. વધુમાં આ કામે પ્રતિવાદી તરફે આંક–ર૦ થી પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, આ કામની દાવાવાળી જમીન દાવો ચાલતા સુધી કોઈને વેચાણ આપીશું નહીં. આ સંજોગોમાં હાલના કેસની હકીકત ધ્યાને લેતાં તથા રેકર્ડ જોતાં દાવાવાળી જમીનની યથાવત સ્થિતિ જાળવી રાખવામાં આવે તેવો વચગાળાનો હુકમ કરવામાં આવે તે ન્યાયી અને ઉચિત છે. જેથી મુદા નં. ૧ નો નિર્ણય તે રીતે અંશતઃહકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદા નં. ર :–**

(૧૯)  ઉપરોકત તમામ ચર્ચાના આધારે મુદ્દા નં. ર તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧: આથી વાદીની હાલની આંક–પ ની અરજી અન્વયે એવો હુકમ કરવામાં આવે છે કે, પક્ષકારોએ દાવાવાળી જમીનની યથાવત સ્થિતિ આ દાવાના આખરી નિકાલ સુધી જાળવી રાખી.

ર: અરજીનું ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ–ર૧ મી, માહે–જાન્યુઆરી, સને–ર૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઉના.
તારીખ : સદર

( આર. બી. ઈટાલીયા )
એડી. સીવીલ જજ,
ઉના.